# મેઘરજ તાલુકામાં બોરખડ ગામે લગ્ન પ્રસંગે આવેલ Dj સિસ્ટમમાં આગ ભભૂકી ઉઠી



મોડાસા, તા. ૧૪

હાલ લગ્ન પ્રસંગ પૂર જોશમાં ચાલી રહ્યા છે અને બીજી બાજુ ગરમીનું પણ પ્રમાણ વધુ જોવા મળી રહ્યું છે તો બીજી તરફ મોટાભાગે હાલ લગ્ન સીઝન માં ડ્ઢ્ઢ નો ક્રેઝ વધુ જોવા મળી રહ્યો છે જેમાં લગ્ન પ્રસન્ગો માં લોકો ડ્ઢ્ઢ ના તાલે ઝુમી ઉઠે છે મેઘરજના બોરખડ ગામમાં લગ્નમાં ડીજે સળગી ઉઠતા રંગમાં ભંગ પડ્યો હતો. મેઘરજ તાલુકા માં બોરખડ ગામે લગ્ન પ્રંસગમાં આવેલ ડ્ઢ્ઢ ગાડી માં અચાનક આગ લાગતા અફરા તફરી મચી ગઈ હતી જોકે આગ કયા કારણે લાગી હતી તે જાણી શકાયું ન હતું ડ્ઢ્ઢ માં લાગેલી આગ ને આજુબાજુના લોકોએ પાણી તેમજ માટી નો મારો ચલાવી આગ પર કાબુ મેળવ્યો હતો જોકે આ આગમાં ડ્ઢ્ઢ સિસ્ટમ બળી ને ખાખ થઈ ગઈ હતી જોકે સ્થાનિક લોકોએ આગ પર કાબૂ મેળવ્યો જેના કારણે મોટી જાનહાની ટળી હતી.

# અરવલ્લી જિલ્લામાં સ્વામી વિવેકાનંદ ગુજરાત રાજ્ય યુવા બોર્ડ દ્વારા 'Y-૨૦ ગુજરાત યુવા સંવાદ' કાર્યક્રમ યોજાશે

બાયડ તા.૧૪

હાલમાં ભારત દેશની યજમાની હેઠળ સમગ્ર દેશમાં ૠ૨૦ સમિટના કાર્યક્રમ ચાલી રહ્યા છે.જેના ચેરમેન પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી જે અંતર્ગતસમગ્ર ગુજરાત રાજ્યમાં રૂ૨૦ યુવા સંવાદનું આયોજન કરવામાં આવેલ છે.જેને રાજ્યના ગૃહમંત્રી શ્રી હર્ષ સંઘવીની આગેવાનીમાં સ્ટેટ કો-ઓર્ડિનેટર શ્રી કૌષલભાઈ દવેના માર્ગદર્શન હેઠળ સ્વામી વિવેકાનંદ ગુજરાત રાજ્ય યુવા બોર્ડ દ્વારા સમગ્ર ગુજરાતમાં ૫ (પાંચ) લાખ યુવાનોને જોડવાનું લક્ષ્ય છે. Y૨૦ કાર્યક્રમ સંદર્ભે અરવલ્લી જિલ્લામાં ઝોન સંયોજક શ્રી હિમાંશુભાઈ પટેલના માર્ગદર્શનમાં જિલ્લા સંયોજક શ્રી રાહુલપુરી ગોસ્વામી અને તેમની ટીમ દ્વારા તારીખ ૧૫ મે થી ૨૧ મે સુધીમાં જિલ્લાના છ તાલુકા અને બે નગરપાલિકામાં આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે.

યુવાનોમાં રહેલ પ્રતિભાને વિશ્વ સમક્ષ લાવવા માટે તથા ભારતના યુવાઓને વૈશ્વિક મંચ પુરો પાડવા,લોકશાહી તથા શાસનમાં યુવાઓની ભાગીદારી,૨૧ મી સદીની કુશળતા, યુવા આરોગ્ય અને ખેલો ઉન્ડિયા, સ્કીલ ઈન્ડિયા જેવા વિષયો પર વક્તાઓ યુવાઓ સાથે સંવાદ કરી માર્ગદર્શન કરશે.




# પ્રાંતિજના સાદોલીયા રોડ ઉપરથી જુગાર રમતા પાંચ શકુનિઓને પ્રાંતિજ પોલીસે ઝડપી પાડયા

પ્રાંતિજ તા.૧૪

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ના સાદોલીયા રોડ ઉપર જતા ખુલ્લી જગ્યામા ગંજીપાનાનો જુગાર રમતા પાંચ જુગારીઓને પ્રાંતિજ પોલીસે ઝડપી પાડયા હતા અને પાંચેય વિરૂધ્ધ ગુનોનોંધી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી. પ્રાંતિજ પોલીસ પ્રાંતિજ ટાઉન વિસ્તારમા ખાનગી વાહનમા પેટ્રોલિંગમા હતી તેદરમ્યાન બાતમી મળીકે પ્રાંતિજ ના સાદોલીયા રોડ ઉપર બાવળ ની ઝાડી ખુલ્લી જગ્યામા કેટલાક માણસો હારજીત નો જુગાર રમે છે જેને લઈ ને પ્રાંતિજ પોલીસ દ્વારા એ જગ્યા પાસે જઈ ને થોડે દુર થી ચાલતા જઈ ને તપાસ કરતા પાંચ જેટલા ઈસમો જુગાર રમતા હતા અને પોલીસ ને જોતાંજ ભાગ્યા હતા પણ પ્રાંતિજ પોલીસ દ્વારા ચારેય બાજુએ કોર્ડન કરી પાંચેય જુગારીઓને ઝડપી પાડયા હતા તો પકડાયેલ પાંચેય ઈસમો પાસેથી અંગજડતી માંથી કુલ-૪૫૦૦ તથા દાવની રકમ ૧૬૦ મળી કુલ ૪૬૬૦ ગંજીપાના સહિતનો મુદામાલ સાથે મોહમંદઅનવર રસિદભાઈ શેખ રહે. ૯૯૯ મકાન નં.૧૯૫ પ્રાંતિજ , નવનીતકુમાર નરસિંહ ભાઈ પટેલ રહે.નવાબાકરપુર ગામ પ્રાંતિજ , અરવિદજી કાળાજી મકવાણા રહે વાધપુર ગામ વાધપુર , અકબરમીયા બચુમીયા સિપાઈ રહે ગલેચીભાગોળ ગામ પ્રાંતિજ , સચીનકુમાર કીરીટભાઈ સોલંકી ગામ અમીનપુર તો પ્રાંતિજ પોલીસે પાંચેય જુગારીઓ વિરૂધ્ધ જુગાર ધારા કલમ-૧૨ મુજબ ગુનોનોંધી આગળની કાયદેસર ની કાર્યવાહી હાથ ધરી હતી.

# પ્રાંતિજ ખાતે વિજળીના ધાંધીયા : રાત્રી દરમ્યાન અનેક વિસ્તારમાં અંધારપટ

**રાત્રીના સમયે વિજળી ડુલ થતા રહીશો પરેશાન : રાત્રીના લાઇટ જતી રહેતા ગરમીમા રહીશો સેકાઇ ગયા : વિજકંપનીમાં ફોન કરતા ફોન ઉપડયોજ નહિ : બીજા દિવસે બપોરે પણ વીજપ્રવાહ ડુલ**

પ્રાંતિજ તા.૧૪

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ ના બજાર સહિત કેટલાક વિસ્તારો મા રાત્રીના સમયે વિજ પ્રવાહ ડુલ થતા રહીશો ગરમીમા સેકાઈ ગયા હતા તો બીજા દિવસે બપોરબાદ વીજપ્રવાહ ખોરવાતા રહીશો ગરમીમા સેકાવાનો વારો આવ્યો હતો.

પ્રાંતિજ ના ખોડીયાર કુવા બજારચોક લાલદરવાજા સહિત ના કેટલેક વિસ્તારોમા રાત્રીના ના સમયે વીજપ્રવાહ ડુલ થતા ઉનાળાની અસહ્ય ગરમીમા આ વિસ્તાર ના રહીશો ગરમી મા સેકાયા હતા અને રાત્રી દરમ્યાન બે થી ત્રણ વાર વીજપ્રવાહ આવજાવ થતા રાત્રીની મીઠી નિંદ્રા બગડી હતી તો આ વિસ્તાર ના રહીશો દ્વારા રાત્રી દરમ્યાન વીજપ્રવાહ ડુલ થતા વિજ કચેરી એ ફોન કરતા કોઈ ફોન ઉપાડવા પણ હાજર હતુ નહી તો સવારે વહેલી લાઈટ આવી હતી તો બીજા દિવસે બપોરબાદ પણ ફરી વિજ પ્રવાહ ડુલ થતા આ વિસ્તાર ના રહીશો બીજા દિવસે પણ બપોર ના ગરમી મા સેકાયા હતા ત્યારે રહીશો જણાવી રહ્યા છે કે વીજકંપની દ્રારા કરવામા આવતુ મેન્ટેનન્સ ઉપર પાણી ફરી વળ્યુ છે અને અવર નવર પ્રાંતિજ વિસ્તાર મા લાઈટ જતા ઉનાળા ની ગરમી મા રહીશો સેકાઈ જાય છે ત્યારે વિજકંપની દ્રારા ગરમી વિજ પુરવઠો ખોરવાય તો તાત્કાલિક કમ્પ્લેન સોલ કરવામા આવે તેવુ હાલતો શહેરી જનો જણાવી રહ્યા છે.



**૪૦થી વધુ એડમીશનમાં ડુપ્લિકેશનની વિગતો બહાર આવ્યાની આશંકા**

# જિલ્લામાં આર.ટી.ઈ. અંતર્ગત ધો.૧માં ફોર્મ ફરીથી ભર્યાના આરોપ

**વાલીઓ સામે ફોજદારી કેસ કરવાની ચીમકી અપાઈ : પ્રવેશ ફાળવ્યા પછી અનેક ખાનગી શાળાઓને અન્યાય થવાનો ભય**

બાયડ, તા.૧૪

ધો.૧ માં પ્રવેશ માટેની વયમર્યાદા ૬ વર્ષ કરાઈ છે તેનાં દુરોગામી પિરામો આર.ટી.ઈ. પ્રવેશ દરમ્યાન જોવા મળ્યા. સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં અનેક વાલીઓએ ધો.૧માં પ્રવેશ માટેના અંદાજીત ૪૦ થી વધુ ફોર્મ ભર્યાનું સામે આવતાં બી.આર.સી. કક્ષાએથી તમામ ખાનગી શાળાના સંચાલકોને તાકીદ કરીને કોઈપણ વાલીઓ ગત વર્ષે ધો.૧માં પ્રવેશ મેળવ્યો હોય અને અત્યારે પ્રવેશ પ્રક્રીયામાં આર.ટી.ઈ.નાં ફોર્મ ભર્યા હોય તેવી વિગતો ધ્યાનમાં આવે તો ફોજદારી કેસ કરવાની ચીમકી આપવામાં આવી છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર વર્ષ-૨૦૨૩-૨૪ શૈક્ષણિક નવા સત્ર માટે ગરીબી રેખા હેઠળ જીવતા પરિવારોના બાળકોને ખાનગી શાળાઓમાં પ્રવેશ માટેની પ્રક્રીયા આર.ટી.ઈ. મુજબ હાથ ધરાઈ છે. સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં પ્રથમ રાઉન્ડમાં ૧૯૮ બાળકોએ પ્રવેશ મેળવ્યો હતો અને તા.૧૩ મે. પ્રવેશ મેળવવા માટેની આખરી ગાઈડલાઈન આપવામાં આવી હતી પરંતુ સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાના કેટલાક તાલુકાઓમાં વાલીઓ પાસે પૂરતું માર્ગદર્શન ન હોય કે પછી ઈરાદાપૂર્વક ગત વર્ષે ધો.૧માં અભ્યાસ કર્યો હોય તેવા બાળકોને આ વર્ષે આર.ટી.ઈ. એક્ટ અંતર્ગત ફોર્મ ભર્યા પછી શાળાઓની ફાળવણી કરી દેવામાં આવી છે અને કેટલીક શાળાઓએ પ્રવેશ પણ આપી દીધો છે. ત્યારે ખાનગી શાળાના સંચાલકોને જણાવવામાં આવ્યું છે કે આર.ટી.ઈ. અંતર્ગત આધાર ડાયસ નંબર સાથે ઓનલાઈન પ્રવેશ પ્રક્રીયા ચાલી રહી છે જેથી એક જ શાળામાં ફરીથી ધો.૧માં પ્રવેશ લીધો હશે તો તુરંત તે જાણકારી સામે આવી જશે અને આ સંજોગોમાં વાલીઓએ વિભાગને ગુમરાહ કર્યા છે તેમ માની ફોજદારી કાર્યવાહી કરવામાં આવશે તેવી ચીમકી ઉચ્ચારી છે. બંન્ને જિલ્લામાં આ પ્રકારે ૪૦ થી વધુ વાલીઓએ ફોર્મ ભર્યાની ચર્ચા અત્યારે સાંભળવા મળી રહી છે.

**અરવલ્લી જિલ્લાનો ત્રીજા ગ્રુપમાં સમાવેશ**

# ઉત્તર ગુજરાતમાં મહેસાણા જિલ્લો મહેસૂલી કામગીરીમાં અવ્વલ

**ગૃપ-૨ માં સાબરકાંઠા, બનાસકાંઠા, પાટણ જિલ્લો**

બાયડ, તા.૧૪

મહેસૂલી કામગીરી અને પડતર અરજીઓનો સમયસર નિકાલ કરવા માટે મહેસૂલ વિભાગના મોડ્યુલમાં ગ્રુપ-૧, ૨ અને ૩ જાહેર કર્યા છે જેમાં ગ્રુપ-૧ માં મહેસાણા જિલ્લાનો સમાવેશ થતાં મહેસૂલી કામગીરીમાં અવ્વલ સ્થાને આવ્યો છે. જ્યારે ગ્રુપ-૨ માં સાબરકાંઠા, બનાસકાંઠા અને પાટણ જિલ્લો તેમજ અરવલ્લી જિલ્લામાં પ્રજાને થઈ રહેલા કડવા અનુભવના પડઘા પડ્યા હોય તેમ જિલ્લો ત્રીજા ગ્રુપમાં સમાવેશ થયો છે. મહેસૂલ વિભાગની કામગીરીની સમીક્ષા કરવામાં આવતાં જિલ્લાને કામગીરીના ભારણના માપદંડના આધારે ગ્રુપ-૧ થી ૩ માં સ્થાન મળેલ છે. રાજ્યમાં પ્રજાના મહેસૂલી પ્રશ્નોનો સત્વરે ઉકેલ આવે અને પડતર અરજીઓનો સમયસર નિકાલ થાય તે માટે મહેસૂલ વિભાગ દ્વારા ડિસ્ટ્રીક્ટ સ્કોર મેટ્રીક્સ મોડ્યુલ અમલમાં મૂકવામાં આવ્યું છે જેમાં દર મહિને તમામ જિલ્લાઓની મહેસૂલી કામગીરીની સમીક્ષા સાથે જિલ્લાઓને રેંક આપવામાં આવે છે. સાબરકાંઠા જિલ્લાની મહેસૂલી કામગીરીની સમીક્ષા માટે ઓનલાઈન પોર્ટલ, ઈન્ટીગ્રેટેડ રેવન્યુ કેસ, ઈન્ટીગ્રેટેડ રેવન્યુ ઓનલાઈન એપ્લીકેશન અને અન્ય કામગીરીનું મૂલ્યાંકન ડિસ્ટ્રીક્સ સ્કોરના આધારે કરવામાં આવ્યું જેમાં રાજયના ૩૩ જિલ્લાઓની કામગીરીના ભારણના આધારે કુલ-૩ ગ્રુપમાં વિભાજીત કરવામાં આવ્યા હતા જેમાં સાબરકાંઠા જિલ્લામાં મહેસૂલી કામગીરીની નોંધ સાથે જિલ્લાને ગ્રુપ-૨ માં સમાવવામાં આવ્યો છે. મહેસૂલ વિભાગ દ્વારા સમયાંતરે મહેસૂલી કામગીરીની માપદંડોના આધારે સમીક્ષા કરવામાં આવતી હોય છે અને જિલ્લાને રેંક આપવામાં આવતા હોય છે જેમાં સાબરકાંઠા જિલ્લાને સમગ્ર રાજ્યમાં બીજું સ્થાન મળ્યું છે.

**સાબરકાંઠા જિલ્લામાં લેન્ડ ગ્રેબિંગ, મિલ્કત ફેરફાર વગેરેની બાબતો ધ્યાને લેવાઈ**

સાબરકાંઠા જિલ્લામાં ગ્રુપ-૨ માં મહેસૂલી વિભાગની સારી કામગીરી માટે સમાવેશ કરાયો છે. જેમાં મિલ્કત લે-વેચ, વારસાઈ, લેન્ડ ગ્રેલિંગ, સ્ટેમ્પ ડ્યુટી, જમીન સંપાદન, બિનખેતીની મિલ્કત બાબતના ફેરફાર અને રેવન્યુ ફાઈલ મેનેજ સહિતની બાબતોને આવરી લઈને દરેકને દર મહિને ૧૦૦માંથી સ્કોર આપવામાં આવતો હોય છે અને તે સ્કોર આધારે ગ્રુપ-૧, ૨ અને ૩માં સમાવેશ થતો હોય છે.

**અરવલ્લીનો ગૃપ-૩માં સમાવેશ**

મહેસૂલ વિભાગ દ્વારા તાજેતરમાં ડિસ્ટ્રીક્સ સ્કોર મેટ્રીક્સ મોડ્યુલના આધારે તમામ જિલ્લાઓની મહેસૂલી કામગીરીની સમીક્ષા કરવામાં આવી છે. જેમાં કામગીરીના ભારણના આધારે કુલ-૩ ગૃપમાં જિલ્લાઓને વિભાજીત કરવામાં આવ્યા જેમાં અરવલ્લી જિલ્લાનો ગૃપ-૩માં સમાવેશ કરવામાં આવ્યો છે.

# કર્ણાટકમાં જીત બદલ પાલનપુરમાં કોંગ્રેસે વિજય ઉત્સવ મનાવ્યો

**આતશબાજી કરી અને મીઠાઈ વેચી મો મીઠા કર્યા**




પાલનપુર તા.૧૪

કર્ણાટક વિધાનસભાની ચૂંટણી માં કોંગ્રેસ પાર્ટીનો ભવ્ય વિજય થતા તેની ખુશાલીમાં પાલનપુર ખાતે કોંગ્રેસ સમિતિ દ્વારા વિજય ઉત્સવ મનાવવામાં આવ્યો હતો .આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી. જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કેજેમાં ફટાકડા ફોડી આતશબાજી કરી હતી અને મિઠાઈ વેચી મો મીઠા કર્યા હતા.કર્ણાટક વિધાસભાની ચટણીમાં કોંગ્રેસ પાર્ટીએ ભાજપ અને અન્ય પાર્ટીઓ ને પરાસ્ત કરી ૧૩૫ બેઠક સાથે જ્વલંત વિજય મેળવી સત્તા હસ્તક કરતા સમગ્ર કોંગ્રેસ પક્ષમાં ભવ્ય વિજયને લઈ આનંદ ઉલ્લાસ છવાયો છે. ત્યારે કર્ણાટક ની આ જીતનો વિજય ઉત્સવ મનાવવા પાલનપુર ખાતે કોંગ્રેસના આગેવાનોએ વિજય ઉત્સવ મનાવવા ગુરુનાનક ચોક ખાતે એકઠા થઈ ફટાકડા ફોડી આતશબાજી કરી હતી અને મીઠાઈ વેચી મો મીઠા કરી કર્ણાટક વિધાનસભાની ચૂંટણીમાં વિજયની ખુશાલી મનાવી હતી.

# તલોદ શ્રીનાથજી હવેલી ખાતે બે દિવસીય પાટોત્સવ યોજાયો



તલોદ તા ૧૪

તલોદ ખાતે આવેલ શ્રીનાથજી હવેલી અને સર્વ મંગલા દેવી ટ્રસ્ટ સંચાલિત શ્રીનાથજી હવેલી ખાતે ૧૩ અને ૧૪ મે ના રોજ શ્રીનાથજી અને હરસોલા વણિક સમાજ ના કુળદેવી શ્રી સર્વ મંગલા માતાજી નો ચાલીસ મો પાટોત્સવ યોજાયો હતો આ પાટોત્સવ પ્રસંગે શ્રી વલ્લભ કુળ ભૂષણ અનંત વિભૂષિત વલ્લભાચાર્ય પ પૂ ૧૦૮ શ્રી વ્રજનાથજી મહારાજ (રાજનગર અમદાવાદ) ઉપસ્થિત રહી વૈષ્ણવ સંપ્રદાય ને લગતું મનનીય પ્રવચન આપી વૈષ્ણવોને મંત્રમુગ્ધ કરી દીધા હતા પાટોત્સવ નિમિત્તે પ્રથમ દિવસે બાવાશ્રીનું સામૈયું, ફૂલફાગ મનોરથ માળા પહેરામણી બાવાશ્રી નુ પ્રવચન દાંડિયા રાસ જેવા કાર્યક્રમો યોજાયા હતા બીજા દીવસે કુળદેવી શ્રી સર્વ મંગલા માતાજી નો પાટોત્સવ , નંદ મહોત્સવ, ઠાકોરજી રાજભોગ, જેવા વિવિધ મનોરથ નું આયોજન કરવામાં આવ્યું હતું પાટોત્સવ ના મનોરથી કમળા બેન ત્રિકમ લાલ શાહ પરિવાર વતી હર્ષદ ભાઈ શાહ દ્વારા ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું આ પ્રસંગે મોટી સંખ્યામાં વૈષ્ણવ સંપ્રદાય ના વૈષ્ણવ ભાઈ બહેનો ઉપસ્થિત રહ્યા હતા મનોરથી પરિવાર દ્વારા બંને દીવસે મહાપ્રસાદ નુ આયોજન કરવામાં આવ્યું હતું

# બનાસકાંઠા જિલ્લાના થરામાં નશામાં મદમસ્ત યુવકને ધારાસભ્યએ જગાડવાનો પ્રયાસ કર્યો

પાલનપુર તા.૧૪

બનાસકાંઠા જિલ્લાના કાંકરેજ તાલુકાના વેપારી મથક થરા શહેર માં માર્કેટયાર્ડ નાળા પાસે એક નશા ખોર નશીલી હાલતમાં મદમસ્ત બની બેભાન અવસ્થા પડ્યો હોય અહી કર્ણાટક ચૂંટણીના કોંગ્રેસના વિજયની ઉત્સવ મનાવવા આવેલ કાંકરેજ ધારાસભ્ય અમૃત જી ઠાકોર નશાખોર પર પાણી છાંટી ને તેને જગાડવા નો પ્રયાસ કર્યો હતો.આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી. જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે, કર્ણાટક વિધાનસભાની ચૂંટણી ૧૩૫ બેઠક સાથે કોંગ્રેસ પાર્ટીએ ભવ્ય બહુમત સાથે વિજય પ્રાપ્ત કર્યો હોય કાંકરેજ કોંગ્રેસ સમિતિ દ્વારા થરા માર્કેટ યાર્ડ નાળા પાસે વિજય ઉત્સવ મનાવવામાં આવ્યો હતો. જોકે આ વિજય ઉત્સવ મનાવવા કાંકરેજ ધારાસભ્ય અમૃતજી ઠાકોર સહિત કોંગ્રેસના આગેવાનો આવી પહોંચ્યા હતા. જ્યાં એક ઈસમ નશીલી હાલતમાં મદમસ્ત બની જાહેરમાં બેભાન અવસ્થામાં પડ્યો હોય ધારાસભ્ય અમૃતજી ઠાકોરે આ નશાખોર પર પાણીનો છંટકાવ કરી તેને જગાડવાનો પ્રયાસ કર્યો હતો .અને રાજ્યના દારૂબંધીના ઉડતા ધજિયા સામે સવાલ ઉઠાવ્યા હતા.



# પાલનપુરમાં યુવતીઓએ નિઃશુલ્ક ધ કેરાલા ફિલ્મ નિહાળી




પાલનપુર તા.૧૪

પાલનપુરમાં આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ અને રાષ્ટ્રીય બજરંગ દળ દ્વારા લવજેહાદ ના બનાવો રોકવા માટે યુવતીઓ અને મહિલા ઓ માટે નિશુલ્ક ધ કેરાલા ફિલ્મ નિહાળવા નું આયોજન કરવામાં આવ્યું હતું. આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી. જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે ,જેમા ૩૦૦ થી વધુ બહેનોએ ફિલ્મ નિહાળી હતી. જોકે રામધૂન સાથે કાર્યક્રમની શરૂઆત કરી ને તમામ બહેનો નુ કંકુ તિલક કરી અને ભગવા રંગના ખેસ પહેરાવી ને સ્વાગત કરવામાં આવ્યું હતું . અને થિયેટર પાલનપુર જય શ્રી રામ નાં નારા લગાવવામાં આવ્યા હતા.